# સે. ૨૪માં ગેરકાયદે ધમધમતા સાત મટન શોપ પર દરોડા

## હિંમતનગર ડીવાયએસપી અને ગાંધીનગર પોલીસે સંયુક્ત ઓપરેશન કરી સપાટો બોલાવ્યો : સાત શખ્સોની ધરપકડ બાદ જામીન પર મુક્ત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ વિસ્તારમાં વર્ષોથી ગેરકાયદે ધમધમતા મટન માર્કેટ પર રેન્જ આઈ.જી.ની સુચનાથી હિંમતનગર અને ગાંધીનગર પોલીસે સંયુક્ત રીતે દરોડો પાડી સાત મટનશોપ પર સફાયો બોલાવ્યો હતો. સાતેય ગેરકાયદે મટનશોપ ચલાવતા માલીકોની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા સાતેય જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. આ અંગે ગુનો દાખલ કરી પીએસઆઈ સી.બી. ચૌહાણે તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર રેન્જ આઈ.જી.ની સુચનાથી હિંમતનગર ડીવાયએસપી ગેહલોત તથા ગાંધીનગર સે. ૨૧ પોલીસે ગત બપોરે એક વાગ્યે સંયુક્ત રીતે દરોડો પાડી સે. ૨૪માં વર્ષોથી ધમધમતા મટન માર્કેટની સાત મટન શોપ દરોડા પાડી સાત આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. જેમાં સે. ૨૪ના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા મહમ્મદ શકીર ઉર્ફે ભુરા મહમમદ હનીફ કુરેશી, યુનીશ કાલુહુસેન કુરેશી, નમકીલ ભુરભાઈ કુરેશી, અબ્દુલ શેખ, તોફીક અબ્દુલ રહીમાન બેલીમ, અબ્દુલ મઝીદ શેખ અને મહમ્મદ ઝકીર મહમ્મદ હનીફ કુરેશી મળીને સાતેયની ધરપકડ કરી મટનનો નાશ કરવામાં આવ્યો હતો. આરોપીઓની ધરપકડ બાદ કોર્ટમાં રજુ કરતાં સાતેયને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. સે. ૨૧ પીએસઆઈ સી.બી. ચૌહાણે આ ગુનાની સઘન તપાસ શરૂ કરી છે.

## ઘરમાં ઘુસીને પોલીસમિત્ર દ્વારા મહિલાની લાજ લુંટવાનો પ્રયાસ

### પ્લોટ લેવાના મામલે ચિલોડામાં ત્રણ શખ્સોએ મળીને ગાળાગાળી કરી ધમાલ મચાવી : મહિલાના કપડા ફાડી નાંખ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ગામમાં ગઈકાલે મોડી સાંજે ત્રણ શખ્સોએ પ્લોટ લેવાના મામલે ઘરમાં ઘુસીને ધમાલ મચાવી હતી. જેમના ઘરે ત્રણેય ધમાલ કરવા ગયા હતા તેઓ ઘરે હાજર ન હોવાથી તેમની પત્નિ સાથે મનફાવે તેમ ગાળાગાળી કરીને કપડા ફાડી નાંખી લાજ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. બુમાબુમ થતાં આસપાસના રહિશો તથા ગ્રામજનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ઉપરોક્ત યત્રણ શખ્સોમાં એક શખ્સ પોલીસમિત્ર હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ચિલોડા પોલીસે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ત્રણેય વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

ચિલોડા ગ્રામ પંચાયતનો સભ્ય તથા પોલીસમિત્ર જયંતી ગોરધનભાઈ પટેલ તથા તેના બે મિત્રો શ્યામલભાઈ દરબાર અને વિક્રમસિંહ અમુજી દરબાર ગઈકાલે મોડી સાંજે ચિલોડા ગામમાં મહાકાળી મંદિરની બાજુમાં ચોકમાં રહેતા ભીખાભાઈ પટેલના ઘરે પહોંચી ગયા હતા. ભીખાભાઈ બહાર હોવાથી ઘરે માત્ર તેમના પત્નિ હતા. જયંતી સહિત ત્રણેય શખ્સોએ તમામ મર્યાદાઓ અને હદ વટાવી મુકી અને બેફામ ગાળાગાળી શરૂ કરી દીધી હતી. ભીખો ક્યાં છે ? અમારે ફાઈનલ પ્લોટ લેવાનો છે. તેમ બુમાબુમ કર્યા બાદ ગાળાગાળી કરીને ભીખાભાઈની પત્નિના કપડા ફાડી આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. તે દરમ્યાન ઝાખોરા ખાતે રહેતા ભીખાભાઈનાં સંબંધી ઘરે આવતા તેમને પણ જયંતી સહીત ત્રણેય શખ્સોએ માર્યો હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. ગ્રામજનોનું ટોળુ ભેગુ થઈ જતાં મામલો થાળે પડ્યો હતો. મહિલાની ફરીયાદ મુજબ ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી છે.

## ભડીયાદના સેવા કેન્દ્રમાં ભાગ લેતા પેથાપુરના મુસ્લીમ યુવાનો

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામની મુસ્લીમ યુવાનોએ તાજેતરમાં ભડીયાદની મેદનીમાં સેવાકેન્દ્ર ઉપર હાજર રહી સેવાઓ આપી હતી.

પેથાપુર મુસ્લીમ સમાજના નવ યુવાનો-હુસેની યંગ કમિટી, ગુલીસ્તા કમિટી તેમજ મુસ્લીમ સમાજ વતી ભડીયાદની મેદનીમાં ભાગ લેવા તેમજ સેવા કેન્દ્રોમાં સેવા કરવા માટે પેથાપુરના મોટી સંખ્યામાં નવ યુવાનો પાંચ ટ્રકો સાથે ઘુમ દાદા ઘુમ બુખારીના નારા સાથે ભડીયાદની મેદનીમાં સેવા આપવા પહોંચ્યા હતા. યુવાનો સેવા કેન્દ્રોમાં સેવાઓ આપી ઉર્સ મુબારક ભાગ લેશે તેમ પેથાપુર મુસ્લીમ સમાજની અખબારી યાદી જણાવે છે.

## પડતર પ્રશ્નોને લઈ જાહેર સેવા આયોગના અધિકારીઓનું વિશેષ પ્રદર્શન

### આયોગના અધિકારીઓની બઢતીની દરખાસ્તોનો જી.પી.એસ.સી.ના નિયમ મુજબ અમલ કરવા માંગ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત જાહેર સેવા આયોગ રાજ્યપત્રિત અધિકારીઓના મંડળ દ્વારા વિવિધ ૮ જેટલા પડતર પ્રશ્નો અંગે આયોગના સચિવ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. લાંબા સમયથી ખાલી રહેવા પામેલી સચિવ અને નાયબ સચિવોની જગ્યાઓ ભરવા ઉપરાંત આયોગના અધિકારીઓની બઢતીની દરખાસ્તોનો જી.પી.એસ.સી. સર્વિસના નિયમ મજુબ અમલ કરવા પણ જણાવાયું છે. લાંબા સમયની માંગણીનો ઉકેલ ન આવતા મંડળ દ્વારા વિશેષ પ્રદર્શન અન્વયે કાર્યક્રમ હાથ ધરાયા છે. આગામી ૩ જૂનથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત જાહેર સેવા આયોગ રાજ્યપત્રિત અધિકારીઓના મંડળના મહામંત્રી પી.કે. અજમેરાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગત તા. ૪ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૩થી મંડળ દ્વારા પડતર પ્રશ્નો ઉકેલવા માંગણી કરવામાં આવી રહી છે. જેનો આયોગની કચેરીઓ પ્રતિનિયુક્તિથી નિમાયેલા અધિકારીઓની સેવા વધુ વખત લેવાનું બંધ કરી આયોગના અધિકારીઓના સંવર્ગમાંથી સંબંધિત જગ્યાઓ ભરવા, આયોગની કચેરીનું ડેકોરમ સુધારવા તેમજ ડેટા બેઈઝ મેનેજમેન્ટ સિસ્ટમ ઉભી કરવા, અધિકારીઓ માટે જરૂરી ફર્નિચર ખરીદવા, દર મહીને સચિવ દ્વારા આયોગના અધિકારીઓની સમીક્ષા બેઠક બોલાવવામાં આવે છે. તેવી રીતે આયોગના અધિકારીઓને પણ રજૂઆતની તક પુરી પાડવા માસિક બેઠકનું આયોજન કરવા પણ માંગ કરવામાં આવી છે. આયોગના અધિકારીઓની બઢતીની દરખાસ્તો જી.પી.એમ.સી.ના નિયમ ૧૪૬૦ પ્રમાણે કરવા તેમજ સેકશન અધિકારીઓને સચિવાલયના સેક્શન અધિકારીઓ સમકક્ષ દર વર્ષે મળે તે માટે પણ માંગ કરવામાં આવી છે. હાલ મંડળ દ્વારા આ મામલે વિશેષ પ્રદર્શન અન્વયે કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેમાં તા. ૨૦ અને ૨૧ મે ના રોજ સૂત્રોચ્ચાર, ૨૭મીએ પ્રતિક ઉપવાસ અને માસના અંતમાં માસ સી.એલ.નો કાર્યક્રમ યોજાશે. જ્યારે ૩ જૂનથી અધિકારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે.

## કડવા પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્ર ૨૦મીએ ખુલ્લુ મુકાશે

શ્રી સાતસોના ગોળ કડવા પાટીદાર પ્રગતિ મંડળ, ગાંધીનગરના ડૉ. ડી.એસ. પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે કડવા પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્રનું શુભ મુહૂર્તતા. ૨૦મી મે-૨૦૧૩ને સોમવારે સવારે ૯ થી ૧૨ કલાકે સનરાઈઝ કમ્પ્યૂટર, પટેલ પાર્લરની ઉપર બીજે માળે, ૨૪ ચોકડી, સેક્ટર-૨૪ ગાંધીનગર ખાતે યોજાશે. લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓએ સેવા કેન્દ્રમાં જરૂરી નોંધણી ફોર્મ અને માહિતી મેળવી લેવા ડૉ. ડી.એસ. પટેલે જણાવ્યું છે.

## કોલવડા ગામ ખાતે કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના કોલવડા ગામમાં આજરોજ કૃષિ મહોત્સવ-૨૦૧૩નો કાર્યક્રમ ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ -સંગે ગામના ૧૩ વ્યકિતઓને કૃષિ અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. બે વ્યકિતઓને થ્રેસર સહાય અને એક વ્યક્તિને ટ્રેકટર સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

કોલવડા ગામમાં કૃષિ મહોત્સવ અંતર્ગત ગામમાં આવેલ કૃષિરથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કૃષિ મહોત્સવ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં દાંતીવાડા યુનિવર્સીટીના વૈજ્ઞાનિક શ્રી નટુભાઈ પટેલ, વિજાપુર ઘઉં સંશોધન કેન્દ્રના શ્રી પી.ડી.ફળદુ, જિલ્લા બાગાયત કચેરીના શ્રી મયૂરભાઈ પટેલ તરફથી કૃષિ અને બાગાયત સંલગ્ન રાજય સરકારની વિવિધ યોજનાઓ અને મબલખ પાક મેળવવા જરૂરી બાબતો પર -કાશ પાડયો હતો.

આ -સંગે કોલવડા ગામના કનુભાઈ પટેલ અને -વિણસિંહ વાઘેલાને થ્રેસર સહાય પેટે રૂપિયા ૧૨ હજારના ચેક અને ટ્રેકટર સહાય પેટે વિક્રમસિંહ વાઘેલાને ૪૫ હજાર રૂપિયાનો ચેક મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત ગામના ૮ લાભાર્થીઓને કૃષિ કિટ્સ અને ૫ લાભાર્થીઓને પશુપાલનની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ -સંગે -ાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી, ગામના સરપંચ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતા

## સાદરામાં ભત્રીજાના લગ્નમાં ગયેલા કાકાને ત્યાં ઘરફોડ

### બપોરે મકાનનું તાળુ તોડીને કબાટમાંથી ૮૫ હજારના સોના-ચાંદીના દાગીના ઉઠાવી તસ્કરો પલાયન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામની સીમમાં ખેતરમાં મકાન બનાવીને રહેતા લક્ષ્મણજી પરિવાર સાથે આજે બપોરે ભત્રીજાના લગ્નમાં સાદરા ગામમાં ગયા હતા. તે દરમ્યાન ત્રાટકેલા તસ્કરો તેમના બંધ મકાનનું તાળુ તોડી કબાટમાંથી રૂ. ૮૫ હજારની મત્તાના સોના-ચાંદીના દાગીના ઉઠાવી પલાયન થઈ ગયા હતા. સાડા ત્રણ કલાક મકાન બંધ રહ્યું તે અરસામાં ધોળે દિવસે તસ્કરો કળા કરી ગયા હતા. ચિલોડા પોલીસે ઘરફોડનો ગુનો દાખલ કરી તસ્કરોને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યો છે.

સાદરા ગામની સીમમાં કેતરમાં મકાન બનાવીને રહેતા લક્ષ્મણજી નાથુજી ઠાકોરના ભત્રીજાનાં આજે સાદરા ગામમાં લગ્ન હતા. આજે સવારે ૧૦ વાગ્યે લક્ષ્મણજી મકાનને તાળુ મારીને ભત્રીજાના લગ્નમાં ગામમાં ગયા હતા. બપોરે પોણા બે વાગ્યે ઘરે પરત ફર્યા ત્યારે જોયુ તો તેમના મકાનનું તાળુ તુટેલુ હતું. બપોરના સમયગાળામાં તેમના મકાનનું તાળુ તોડીને તસ્કરો અંદર ઘુસ્યા હતા અને કબાટમાંથી રૂ. ૮૫ હજારની કિંમતના સોના-ચાંદીના દાગીના ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ ઘરફોડ અંગે પોલીસને જાણ કરાતા ચિલોડા પી.આઈ. એલ.બી. મોણપરા બનાવ સ્થળએ પહોંચી ગયા હતા અને એફએસએલ ફિંગરપ્રીન્ટ નિષ્ણાંતની ટીમ તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી વૈજ્ઞાનિક ઢબે ઘરફોડીયા સુધી પહોંચવા તપાસ આરંભી દીધી છે.



ધગધગતા ઉનાળામાં જરૂરિયાતમંદો, શ્રમિકોને ચંપલ વિતરણ કરવાનું કાર્ય આત્મન ફાઉન્ડેશન દ્વારા પ્રતિવર્ષ કરવામાં આવે છે. ચરણસેવાની આ પ્રવૃત્તિના ભાગરૂપે સંસ્થા દ્વારા ઉવારસદ આસપાસના ઈંટોના ભઠ્ઠાના શ્રમિકોને, સેક્ટર-૧૩ની શ્રમજીવી વસાહતનાં બાળકો - વિદ્યાર્થીઓને તેમજ રાજેન્દ્રનગર, જિ. સાબરકાંઠાની સહયોગ કૃષ્ઠરોગીઓ માટેની સેવા સંસ્થાને અને અન્ય શ્રમિકોને મળીને કુલ ૫૦૦ ઉપરાંત વ્યક્તિઓને સ્થળ પર જઈ ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. નગરના એક સદ્‌ગૃહસ્થ તરફથી સંસ્થાને નિયમિત રીતે આ પ્રવૃત્તિમાં અમૂલ્ય સહયોગ આપવામાં આવે છે. ચંપલ વિતરણના આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી સી. એલ. મહેતા, લીનાબેન મહેતા, એચ. બી. વરિયા, દિવ્યાબહેન વરિયા, પ્રજ્ઞા પટેલ, જયશ્રી ખેતિયા અને સવિતાબેન - કપિલાબેન માછી સાથે જોડાયા હતા.

## રૂ. ૧૦ લાખ દહેજ માંગી ત્રાસ આપતા સાસરીયા સામે ફરીયાદ

### પરિણીતા સાથે મારઝુડ કરીને પતિ અને સાસુ-સસરાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદના રાજસ્થાન હોસ્પિટલની સામે આવેલી સોસાયટીમાં રહેતા સાસરીયાઓએ મળીને ગાંધીનગરના નવા પીંપળજની પરિણીતા પાસેથી રૂ. ૧૦ લાખ દહેજ માંગણી કરીને શારીરિક માનસિક ત્રાસ આપી મારઝુડ કર્યા બાદ જાનથી મારી નાંકવાની ધમકી આપતા હોવાની ફરીયાદ પરિણીતાએ પેથાપુર પોલીસ સ્ટેશને નોંધાવતા પોલીસે તેણીના પતિ, સાસુ અને સસરા વિરૂદ્ધ ગુનો દાખલ કરીને સઘન કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક આવેલા નવા પિંપળજ ગામમાં રહેતી પરિણીતા દીતાબેન ભુપેન્દ્રસિંહ વાઘેલાએ પેથાપુર પોલીસમથકમાં પતિ સહિત સાસુ-સસરા વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી છે. જેમાં ૧૧ જૂન-૨૦૧૦થી દીતાબેન પાસેથી સાસરીયા રૂ. ૧૦ લાખ દહેજ પેટે માંગતા હતા અને દહેજ ન આપતા વારે ઘડીએ બોલાચાલી કરીને ગડદાપાટુનો માર મારી પતિ સહિત સાસુ-સસરાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. પરિણીતાની ફરીયાદને આધારે અમદાવાદમાં રહેતા સાસરીયા દિગ્વિજયસિંહ મહેન્દ્રસિંહ પઢીયાર, મહેન્દ્રસિંહ કનુભાઈ પઢીયાર અને ભાનુબેન મહેન્દ્રસિંહ પઢીયાર વિરૂદ્ધ પેથાપુર પોલીસે દહેજ માંગણી અને શારીરિક માનસિક ત્રાસ સંદર્ભે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધે દેહદાનનો સંકલ્પ કરી સમાજને નવો રાહ ચિંધ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના પીંડારડા ગામે શ્રી સાંઈધામ આમ્રપાલ વૃદ્ધાશ્રમમાં રહેતા કૃષ્ણકાંતભાઈ પટેલે તાજેતરમાં જ પોતાના મૃત્યુ બાદ પોતાનો દેહ સમાજોપયોગી બને તે માટે ખપમાં આપવા દેહદાનની ઈચ્છા સામાજિક સંસ્થાના સભ્યો સાથે કરી હતી. આત્મજનો અને સગા સ્નેહીઓથી તરછોડાયેલા જૈફ વયના સજ્જન કૃષ્ણકાંતભાઈએ દેહદાનની સાત્વીક ભાવના વ્યક્ત કરી સમાજને નવતર રાહ ચિંધ્યો છે.

ગાંધીનગર શહેરની સામાજિક સંસ્થા શ્રી આત્મ ફાઉન્ડેશન અને શ્રી ઓમકાર ટ્રસ્ટ દ્વારા વૃદ્ધાક્ષમોમાં રહેતા વડિલોને મદદરૂપ થવાની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ સંસ્થાને શ્રી સાંઈધામ આમ્રપાલિ વૃદ્ધાશ્રમ,



પિંડારડામાં આવી કામગીરી કરતી વખતે એક સુખદ આશ્ચર્યનાં સાક્ષી બનવાનો પ્રસંગ આવ્યો હતો. આ વૃદ્ધાશ્રમમાં રહેતાં જૈફ વયનાં એક વૃદ્ધ કૃષ્ણકાંતભાઈ પટેલે સંસ્થાના કાર્યકર સમક્ષ પોતાનાં મૃત્યુ બાદ પોતાનો દેહ સમાજને લોકકલ્યાણ અર્થે ખપમાં આવી શકે તેવી શુભ ભાવનાથી દેહદાન કરવાની પોતાની ઈચ્છાઆ વ્યક્ત કરી સંસ્થાનાં કાર્યકરે આ માટેનું એમનું ફોર્મ ગાંધીનગર મેડિકલ કોલેજનાં એનેટોમી વિભાગમાં સુપ્રત કરેલ છે. જેનું આ દુનિયામાં કોઈ જ નથી એવી એક એકલવાઈ વ્યક્તિની સમાજને ધનથી નહિ તો તન અને મનથી કંઈક અર્પણ કરવાની આવી ઉદાત્ત ભાવના અન્યોને પ્રેરણાદાયી બની રહે તેવી આશા રાખીએ.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૦૨

### તાપમાન

મહત્તમ : ૪૨.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૫ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
ઈપીઆઈસી (૩ડી) (હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૦૦
ધ રિલેકટન્સ ફંડામેન્ટલીસ્ટ (હિન્દી) : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૮.૦૦

: સ્કીન-૨ :
ગો ગોઆ ગોને : ૧૦.૦૦, ૮.૧૫
આશિકી-૨ : ૧૨.૧૫, ૨.૪૫, ૧.૩૦
શૂટ આઉટ એટ વડાલા : ૫.૧૫

: સ્કીન-૩ :
ઔરંગજેબ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૪ :
ઔરંગજેબ : ૯.૦૦, ૧૨.૦૦, ૯.૦૦
ગો ગોઆ ગોને : ૩.૦૦
આશિકી-૨ : ૬.૦૦

**સૂર્યા, વાવોલ**

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
ઔરંગજેબ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :
આશિકી-૨ : ૧૦.૩૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઔરંગજેબ : ૩.૩૦

: સ્કીન-૩ :
શૂટ આઉટ વડાલા : ૧૦.૧૫, ૪.૦૦, ૧૦.૦૦
ગો ગોઆ ગોને : ૧.૧૫, ૭.૦૦

**ચિરાગ, કલોલ**

ઔરંગજેબ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. રોજગારીની નવી તક પ્રાપ્ત થઈ શકે છે. લાંબા ગાળાનું આયોજન ઉપયોગી સાબિત થઈ શકે. વાહનસુખ પ્રાપ્તિનો યોગ.

**વૃષભ** : આર્થિક સ્રોતોથી લાભ પ્રાપ્તિ થશે. રાજકીય સ્રોતોથી ધન પ્રાપ્તિનો યોગ. વારસાગત મિલકતના પ્રશ્નોનો હલ આવી શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકણ આવી શકે.

**મિથુન** : મનોરંજન કળા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ વધશે. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બને. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક. સુખ પ્રાપ્તિનો યોગ.

**કર્ક** : પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક.

**સિંહ** : નાણાંકીય સ્થિતિમાં સુધારો જણાય. કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ. કલાત્મકક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય.

**કન્યા** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા પ્રાવાસનું આયોજન થશે. આવકના સ્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**તુલા** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય.

**વૃશ્ચિક** : વેપારમાં ભાગીદારમાં સંભાળવું. અગાઉ કરેલા રોકાણનો લાભ મળી રહે. મિત્રો- સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**ધન** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સાવચેતી રાખવી. સમય સાનુકૂળ. રોગ નિર્વાણકાર્યો માટે યાત્રા થશે.

**મકર** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડે. નોકરીયાત વર્ગને બદલી- બઢતીની શક્યતાઓ. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આકસ્મિક ધન- લાભ થવાની શકયતા.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય પણ વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની રહે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**મીન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય. માનસિક ચિંતા હળવી બને. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ રહે.

### ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ દમાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૫૨) મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. રાજીબેન સવાજી વણઝારા (ઉ.વ. ૮૦)જી.ઈ.બા. મેઈન ગેટ સામેના છાપરાં, ગાંધીનગર.
- સ્વ. નીતિનભાઈ નટવરલાલ ચૌહાણ (ઉ.વ. ૬૭)બ્લોક નં. ૪૫, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. ગીતાબેન હસમુખભાઈ ઠક્કર (ઉ.વ. ૫૮) ૨૦૧, આનંદ સોસાયટી, ડાડીયા બજાર, વડોદરા.
- સ્વ. ડાહીબેન કનુભાઈ મેવાડા (ઉ.વ. ૭૦) બ્લોક નં. ૪૫૩/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.